# દૂરવર્તી શિક્ષણમાં સહાયભૂત થતી વેબ આધારિત ગ્રંથાલય અને માહિતી સેવાઓ

ડૉ. ચેતના શાહ,
ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

કોઈપણ દેશના વિકાસનો પાયો તેની આર્થિક સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીકલ સજજતા પર આધારિત છે. આજના ઈલેક્ટ્રોનિક યુગમાં આ દરેક ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવેલું છે. વૈશ્વિકરણના ખ્યાલે ગળાકાપ હરિફાઈનું વાતાવરણ ઊભું થયું છે, પરિણામે દરેક દેશ માહિતીસભર સમાજના નિર્માણને પ્રાધાન્ય આપી રહ્યું છે. શિક્ષણએ માહિતી સજજતા માટેનું અમોઘ શસ્ત્ર છે, પરંતુ તે ત્યારે જ સાર્થક બને જયારે શૈક્ષણિક નીતિ, અભ્યાસક્રમો તથા તાલીમ વર્તમાન પરિસ્થિતિ તેમજ ભાવિ નવીન પ્રવાહો સાથે સુસંગત બને. શિક્ષણક્ષેત્રે દરેક દરવાજા ખુલ્લા કરી જે કંઈ ઉપયોગી હોય તે પ્રાપ્ત કરી બીજાને સરળતાથી જોઈએ તે પૂરું પાડવું તેવી વિચારસરણી પર ભાર મૂકવામાં આવ્યો છે. ભણતર એ વિદ્યાર્થીકેન્દ્રીત, જીવંત પર્યંતની પ્રક્રિયા અને આવતા નવીન પરિવર્તનો સાથે સુમેળતા સાધતી પધ્ધતિ તરીકે પ્રભુત્વ ધરાવતી થઈ છે. પરંપરાગત શિક્ષણ પધ્ધતિમાંથી મુકત થઈ વિદ્યા પ્રાપ્તિ માટે સ્વનિર્ભરતાને ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે. શાળા શિક્ષણના તબક્કા બાદ જ્ઞાન પ્રાપ્તિ માટે શિક્ષકો પરના અવલંબનમાંથી મુકત થઈ જ્ઞાનપ્રાપ્તિના ઉપલબ્ધ સ્ત્રોતોની વિવેકપૂર્ણ ઉપયોગ કરી સતત સ્વ–અધ્યયન દ્વારા જ્ઞાન પ્રાપ્તિ એ ઉત્તમ રીત છે. ગ્રંથાલયોની આ તબક્કે ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહે છે. સમય કે સ્થળના બંધન વિના વિપુલ જથ્થામાં માહિતી વૈશ્વિક સ્તરે જ્ઞાન પિપાસુને પૂરી પાડી ગ્રંથાલયો એક ઉત્તમ શિક્ષણની ગરજ સારે છે. વિદેશોમાં પણ પ્રવર્તમાન વિદ્યાપાસનાની આધુનિક આબોહવામાં ગ્રંથાલયોનું મહત્ત્વપૂર્ણ યોગદાન જોવા મળે છે.

વિશ્વમાં ઈન્ટરનેટનો સૌથી વધુ ઉપયોગ કરનાર દેશોમાં ભારતનું સ્થાન ત્રીજું છે. એક એવું અનુમાન છે કે વર્ષ ૨૦૧૨માં ભારતમાં ૧૨૧ લાખ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં હતા.(પંડયા,૨૦૧૩) આજે ગ્રંથાલયના ઉપયોગકર્તાઓને રાજા ગણી ગ્રંથાલયના વિવિધ કાર્યો તેમજ સેવાઓને ઉપભોકતા– કેન્દ્રિત બનાવવામાં આવે છે. ઈ–ક્રાંતિના સમયમાં ગ્રંથાલયોએ ઈ–સેવાઓ અને ઇ–સામગ્રી વિકસાવી તેની સેવાઓ તેમજ ઉપભોગકર્તાઓનો વ્યાપ વધાર્યો છે. ઈ–મેલ, ફેસબુક, ચેટ, વેબસાઈટ, ઈ–કોન્ફરન્સ, બ્લોગ વગેરે દ્વારા ગ્રંથાલયો તેમની પાસે રહેલ વાંચન–સામગ્રી તેમજ સેવાઓનો વિશાળ સમૂહમાં રહેલ ઉપયોગકર્તા સુધી પહોંચાડે છે. દૂરવર્તી શિક્ષણમાં વિશ્વના ગમે તે ખૂણામાં રહેલ અભ્યાસીને ઝડપી, સ્પષ્ટ અને સચોટ માહિતી પહોંચાડવામાં ઈ–ટેકનોલોજી ગ્રંથાલયોને આશિર્વૉદરૂપ નીવડી છે.

## ૨. દૂરવર્તી શિક્ષણ અને તેના બદલાતા પ્રવાહોમાં ગ્રંથાલયોનું મહત્ત્વ

વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક દ્વારા અપાતાં શિક્ષણની પધ્ધતિએ પરંપરાગત, સર્વમાન્ય અને વિશાળ ફલક પર વિસ્તરેલ છે. આ શૈક્ષણિક પધ્ધતિની સૌથી મોટી ખામી એ છે કે તે સમાજના બધા જ વર્ગોની ભણતરની ભૂખ સંતોષવા સમર્થ નથી પરિણામે આ માંગને સંતોષવા માટે શિક્ષણની વૈકલ્પિક પધ્ધતિઓ વિકસાવવામાં આવી જે દૂરવર્તી શિક્ષણ, મુકતશિક્ષણ, દૂરવર્તી અભ્યાસ, લવચીક અભ્યાસ, વિસ્તરિત અભ્યાસ વગેરે જેવા વિવિધ પર્યાયો તરીકે પ્રખ્યાત છે. અને હવે તેમાં ઓનલાઈન શિક્ષણ શબ્દનો ઉમેરો થયો છે. દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસકર્તા ઘરે બેઠા પોતાના સમયે સ્વઅધ્યયન કરી અભ્યાસ કરી શકે જેમાં અભ્યાસ સામગ્રી વિદ્યાર્થીઓને વર્ગ વ્યાખ્યાનોના વિકલ્પે સ્વઅધ્યયન માટે પહોચાડવામાં આવે છે.

દૂરવર્તી શિક્ષણના વિકાસના વિવિધ તબક્કાઓ છે. ટેલર (૧૯૯૯) દૂરવર્તી શિક્ષણની પાંચ પેઢીઓ દર્શાવી છે. જેમાં પ્રારંભિક પેઢીમાં પત્રવ્યવહાર દ્વારા અપાતા શિક્ષણનો સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચે પ્રત્યક્ષ સૂચનાઓ માટે સંપર્કનો અભાવ જોવા મળે છે. દ્વિતીય પેઢીમાં અભ્યાસક્રમ માટે ખાસ પાઠયપુસ્તકો અને શૈક્ષણિક

જર્નલોમાંથી વાચન સાહિત્યને એકત્ર કરી વિદ્યાર્થીઓને પૂરા પાડવામાં આવતાં તેમજ શિક્ષણને સહાયક થવા ટેલિવિઝન અને રેડિયો કાર્યક્રમોનો ઉપયોગ થતો હતો. ત્રીજી પેઢીના તબક્કે શિક્ષણ પૂરું પાડવા આધુનિક ટેકનોલોજીના ઉપયોગની શરૂઆત થઈ જેમાં વિડિયો કોન્ફરન્સ દ્વારા ખાસ વ્યાખ્યાનો કે પ્રશ્નોના નિરાકરણની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી. જયારે ચોથા તબક્કામાં ઈન્ટરનેટ અને વેબ (ઓન લાઈન અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી જેમાં શિક્ષકવિદ્યાથી, વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચે ઓનલાઈન સંપર્ક દ્વારા જરૂરી માહિતી આદાન–પ્રદાનની સુવિધા ઉપલબ્ધ બની છે. પાંચમી પેઢી એ હજુ પ્રયોગાત્મક તબક્કામાં છે. અને તેમાં વેબ ર.૦ ના ઉપયોગ દ્વારા અભ્યાસુ સોશીયલ સોફટવેર, આભાસી દુનિયા અને મલ્ટીમિડિયાના સાધનો દ્વારા અભ્યાસની સુવિધા મેળવી શકશે.

આજના વેબ આધારિત સેવાઓના યુગમાં ઓનલાઈન શિક્ષણ સેવા આર્શિવાદરૂપ નીવડી છે. ઓનલાઈન શિક્ષણ દ્વારા દૂરવર્તી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ભારતમાં બેઠાં વિદેશની યુનિવર્સિટીઓમાં ચાલતાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી ઓનલાઈન પરીક્ષા આપીને અભ્યાસ કરવાની ઉપલબ્ધ નવીન તકોમાં કોમ્પ્યુટર ટેકનોલોજીનો ફાળો અનન્ય છે. ઓનલાઈન અભ્યાસ–સામગ્રી, વિષય તજ્જ્ઞોના માર્ગદર્શનો, ઓનલાઈન વ્યાખ્યાનો વગેરે જેવી આધુનિક સવલતોને કારણે સમય અને સ્થળના બંધનના કારણે અભ્યાસ ન કરી શકનારને પણ પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજજવળ બનાવવાની તક ઉપલબ્ધ બની છે.

વિશ્વ ફલક પર ગુણવત્તાવાળા બુદ્ધિજીવીઓની માંગ વધી રહી છે. ત્યારે આવા માહોલમાં શૈક્ષણિક સંસ્થાઓની જવાબદારી વિશેષ રહે છે. દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થાએ કોમ્પ્યુટર ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈ–શિક્ષણ આપવા સુસજજ બની રહયાં છે. દૂરવર્તી શિક્ષણ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના સ્વાધ્યાયકાર્યો (Assignments) તેમજ પરીક્ષાલક્ષી તૈયારીઓમાં ઘણી મુશ્કેલીઓ અનુભવતાં હોય છે. અભ્યાસક્રમ આધારિત વિષય સંલગ્ન માહિતી માટે ગ્રંથાલય તેમને સહાયભૂત બની રહે છે. દૂરવર્તી શિક્ષણ આપતાં વિશ્વવિદ્યાલયોએ સૌ પ્રથમ વિશ્વવિદ્યાલય ગ્રંથાલય તેમજ સંલગ્ન અભ્યાસકેન્દ્રોમાં સુસજજ ગ્રંથાલયો વિકસાવી અભ્યાસુ વિદ્યાર્થીઓને અભ્યાસ સંલગ્ન સામગ્રી સરળતાથી ઉપલબ્ધ બને તેવી ઉત્કૃષ્ટ વ્યવસ્થાને પ્રાધાન્ય આપવું જોઈએ કોઠારી કમિશને પણ ભારપૂર્વક ભલામણ કરેલ છે કે “કોઈપણ નવીન યુનિવર્સિટી, કોલેજ અથવા વિભાગમાં જયાં સુધી ગ્રંથાલય તેમાં કર્મચારીઓ, પુસ્તકો, સામયિકો, ભૌતિક સુવિધાઓ ન વિકસાવે ત્યાં સુધી સ્થાપવા જોઈએ નહી વિકસતા વિભાગને સૌથી વધુ નુકશાનકર્તા હોય તો તે ગ્રંથાલયની અવગણના કરવી અથવા તો અલ્પ અગ્રિમતા આપવી. ખરેખર, તો કોલેજ કે યુનિવર્સિટી સંકુલમાં ગ્રંથાલય વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોવું જોઈએ’’

દૂરવર્તી શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓ મોટેભાગે નોકરીયાત, કૌટુંબિક જવાબદારીવાળા, મોટીવયના અને પુખ્ત હોય છે. તેમની પાસે સમયનું બંધન હોય છે. ઉપરાંત પોતાની જાતે જ અભ્યાસ કરવા પ્રયત્નશીલ હોય છે. તેઓ ગ્રંથાલય અને શૈક્ષણિક સ્ત્રોતો અને સેવાઓનો વિવિધ રીતે ઉપયોગ કરે છે. રૂબરૂ આવીને માહિતી કે પ્રલેખો મેળવે અથવા મૃદ્રિત સાહિત્ય જેમ કે મેન્યુઅલ, બ્રોશર અથવા અદ્યતન ટેકનોલોજી જેવીકે ટેલિફોન, વોઈસમેલ, વેબસાઈટ, ઈ–મેલ વગેરે દ્વારા માહિતી મેળવે છે. પરંપરાગત શૈક્ષણિક ગ્રંથાલયોમાં વિદ્યાર્થી રૂબરૂ ગ્રંથાલયોમાં જઈ માહિતી કે સાહિત્ય સામગ્રી મેળવતો જયારે દૂરવર્તી શિક્ષણમાં દરેક વિદ્યાર્થી માટે તે શકય નથી. આ સમયે તેને વેબ આધારિત સેવાઓ પૂરી પાડીને તેમની માહિતી માટેની માંગ પૂરી કરી ગ્રંથાલયો તેમના ધ્યેયને સિધ્ધ કરી શકે છે.

“યોગ્ય વાચકને, યોગ્ય વાચન સામગ્રી, યોગ્ય સમયે પૂરી પાડવી’’ ના સંકલ્પસૂત્ર સાથે જ્ઞાન પ્રસાર અને પ્રચાર માટે કાર્યરત ગ્રંથાલયો દૂરવર્તી શિક્ષણ લેતા અભ્યાસુ માટે આર્શિવાદરૂપ નીવડે છે. ગ્રંથાલયો ર૪×૭ કલાક વિદ્યાર્થીઓને ઘરે બેઠાં તેમના કોમ્પ્યુટર પર જરૂરી માહિતી તેમજ માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાથીઓને અભ્યાસમાં સહાયક બને છે. માહિતી અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ગ્રંથાલયોની વાચન સામગ્રી, કાર્યો તેમજ સેવાઓ નવપલ્લવિત બન્યાં છે. પરંપરાગત વાચન સામગ્રી જેવી કે મુદ્રિત પુસ્તકો, સામયિકો સામે ઈ–પુસ્તકો, ઈ–જર્નલ, ઈ–સમાચારપત્રો, સીડી–રોમ, ઈલેકટ્રોનીક ઓનલાઈન ડેટાબેઝનો વિપુલ જથ્થો ઉપલબ્ધ બનેલ છે. પરિણામે ગ્રંથાલય સેવાઓમાં પણ આમુલ પરિવર્તન આવેલું છે. દૂરવર્તી શિક્ષણ પરની ઈન્ડિયન લાયબ્રેરી એસોશિએશનની વિભાગીય કમિટી(ર૦૦૧)માં સ્પષ્ટ કહેલ છે. કે “દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થાઓની જવાબદારી છે કે દૂરવર્તી શિક્ષણ લેતા અભ્યાસુઓને સેવાઓ પૂરી પાડવી. દૂરવર્તી અભ્યાસકર્તાઓની માહિતી માંગને પૂરી પાડવા પરંપરાગત ગ્રંથાલય સેવાઓ સમર્થ ન બની શકે

કારણ કે તેઓ પ્રાપ્તિ અને માહિતી વિતરણ સહિત વિશિષ્ટ પડકારોનો સામનો કરતા હોય છે. આપણે આવા વિશાળ સમૂહમાં રહેલ ઉપભોકતા વગેરેને માહિતી પૂરી પાડવા નવીન રસ્તા અને સાધનો શોધી કાઢવા જોઈએ.''

**૩. વેબઆધારિત ગ્રંથાલય અને માહિતી સેવાઓ**

નેટવર્ક દ્વારા ઈલેકટ્રોનિક સ્વરૂપમાં રહેલ માહિતીને ગમે તે સ્થળે અને ગમે તે સમયે ખૂબ જ ઝડપથી ઉપલબ્ધ બનાવી શકાય છે. તેની પ્રિન્ટ પણ લઈ શકાય કે તેને કોમ્પ્યુટરમાં સંગ્રહિત કરી ગમે ત્યારે ફરી વાંચી શકાય છે. મુકત અભ્યાસ કરનારા માટે વેબ ટેકનોલોજીએ ઝડપી માહિતી પ્રાપ્ત કરવા માટે નવીન દિશાઓ ઉપલબ્ધ બનાવી છે. પરંપરાગત ગ્રંથાલય સેવાઓ અમુક ચોક્કસ સમય પૂરતી જ ખુલ્લી રહે છે. એટલે કે સેવા–સમય મર્યાદા છે. જયારે વેબ આધારિત ગ્રંથાલયે સેવાનો ઉપયોગ કરી વાચક તેને જોઈતી માહિતી સરળતાથી ૨૪×૭ કલાક, દુનિયાના ગમે તે સ્થળેથી મેળવી શકે છે. નૈમી, ઈરાર્ડ અને નીલી (૧૯૯૮) માં જણાવેલ છે કે "દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસકર્તા એવા ગ્રંથાલયોની આશા રાખે છે કે જે સામાયિક, નિર્દેશિકાઓ, સારસંક્ષેપો તેમજ સીડી–રોમની શોધ સેવા પૂરી પાડે. આ ઉપરાંત તેઓ વાઙ્મયસૂચિગત સેવાઓ, ઈલેકટ્રોનિક પુસ્તકોની પ્રાપ્તિ અને તેના રીન્યુઅલની કામગીરી(ટોલ ફ્રી) ટેલિફોન દ્વારા ઉપલબ્ધ બનાવે, ફોટોકોપી પૂરી પાડે. સાહિત્ય શોધના પરિણામો, આંતરિક શોધ અને આંતર ગ્રંથાલય લોન સેવાઓ પૂરી પાડે અને ઈલેકટ્રોનિક પ્રતિસાદ પધ્ધતિનું સ્થાપન કરે''

**૫. ગ્રંથાલય વેબસાઈટ**

ગ્રંથાલય પોતાની સ્વતંત્ર અથવા શૈક્ષણિક સંસ્થાની વેબસાઈટમાં સ્વતંત્ર હોમપેજ તૈયાર કરી વાચકોને ઘણીબધી મહત્ત્વપૂર્ણ સેવાઓ ઉપલબ્ધ બનાવી શકે છે. ગ્રંથાલયની વેબસાઈટ પરથી ગ્રંથાલય વાચન સમાગ્રી, સેવાઓ, સવલતો, ઓપેક જરૂરી માર્ગદર્શનો તેમજ ઉપયોગી અન્ય લીન્કની સુવિધા પૂરી પાડી શકાય છે. ગ્રંથાલયના હોમપેજ પર યુઝર્સ નેમ અને પાસવર્ડ હોય છે. જે દ્વારા ગ્રંથાલયના ઇ–સાહિત્ય સામગ્રીનો ઉપયોગ વાચકો સરળતાથી કરી શકે છે.

***૫.૧ ઓપેક (ઓન લાઈન પબ્લિક એક્સેસ કેટલોગ)***

ઓપેક એ ગ્રંથાલય સૂચિનું ઈલેકટ્રોનિક સ્વરૂપ છે. વેબ આધારિત ઓપેક દ્વારા દૂરવર્તી શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓ ગ્રંથાલયની વાચન સામગ્રીને કર્તા, શીર્ષક કે વિષય દ્વારા સરળતાથી શોધી શકે છે. આ ઉપરાંત પોતાને જરૂરી વાચન સાહિત્ય ગ્રંથાલયમાં ઉપલબ્ધ હોય તો તેની માંગ ઓનલાઈન મૂકી શકે છે.

***૫.૨ પ્રાદેશિક કેન્દ્રો દ્વારા વાચનસામગ્રીનું વિતરણ***

વાચક ગ્રંથાલય ઓપેક દ્વારા પોતાને જરૂરી વાચનસામગ્રીની માંગ ઓનલાઈન ગ્રંથાલયને મોકલે છે. મુખ્ય ગ્રંથાલય/ઓપન યુનિવર્સિટી ગ્રંથાલય આ માંગને નજીકના પ્રાદેશિક કેન્દ્રના ગ્રંથાલયને મોકલે અને તે ગ્રંથાલય દ્વારા વાચકને ઝડપથી સાહિત્ય મળે તેવી વ્યવસ્થા કરી શકાય છે. અભ્યાસુ પોતે જાતે પણ ઈ–મેલ કે ટેલિફોન દ્વારા પ્રાદેશિક કેન્દ્રને પોતાને જરૂરી વાંચનસામગ્રીની માંગ કરી શકે છે. આ ઉપરાંત વાચક જાતે જો ઈ–પ્રલેખની જરૂર હોય તો તે પણ ઓનલાઈન મેળવી શકે છે.

***૫.૩ ઈલેકટ્રોનિક સંદર્ભસેવા***

ગ્રંથાલય દ્વારા અપાતી વિવિધ સેવાઓમાં સંદર્ભ સેવા મહત્ત્વપૂર્ણ ચાવીરૂપ સેવા તરીકે સ્થાન પામેલ છે. સંદર્ભ સેવામાં અનુવાદ સેવા, સાર સંક્ષેપ સેવા, નિર્દેશીકરણ સેવા, વાઙ્મયસૂચિ સેવા સાહિત્યશોધ સેવાઓને ખૂબ જ ઝડપથી તેમજ ગુણવત્તાપૂર્વક ઉપયોગકર્તાઓને ઓનલાઈન પૂરી પાડી શકાય છે. સંદર્ભ સેવા મેળવવા વાચકને ગ્રંથાલચ સુધી જવાની જરૂર પડતી નથી. વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) અને તેના જવાબો વેબસાઈટ પર મૂકી ગ્રંથાલયો વાચકની સામાન્ય મૂંઝવણને દૂર કરી શકે છે. "ગ્રંથપાલને પૂછો'' સેવા દ્વારા જે વાચકોને ચોક્કસ ઊંડાણપૂર્વકની માહિતી જોઈતી હોય તો તે ગ્રંથાલય નિષ્ણાંત દ્વારા પૂરી પાડી શકાય છે. દૂરવર્તી શિક્ષણ પધ્ધતિમાં વિષયના અદ્યતન પ્રવાહો વાકેફ રહેવામાં આજે વિદ્યાથીઓને ભાષા એક અવરોધક પરિબળ બને છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે શીખવવામાં આવતાં મોટાભાગના વિષયો માટે સ્ત્રોત ભાષા અંગ્રેજી છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ લખાયેલ પુસ્તકો, લેખો તેમજ અપાતા વ્યાખ્યાનો મોટાભાગે અંગ્રેજી ભાષામાં હોવાથી તે સરળતાથી ઉપલબ્ધ હોવા છતાં મોટાભાગના વિદ્યાર્થીઓ ભાષકીય અવરોધના પરિણામે તેનાથી વંચિત રહેવા પામે છે. જે હકીકત છે. આ પરિસ્થિતિમાં ગ્રંથાલયો ઓનલાઈન અનુવાદ સેવા આપી વિદ્યાથીઓને મદદરૂપ સેવા બજાવી શકે છે.

### ૫.૪ માહિતી સાક્ષરતા

ગ્રંથાલય સૂચના કે ગ્રંથાલય ઓરિએન્ટેશન ઉપભોક્તાઓને ઓનલાઈન પૂરી પાડવામાં આવે છે. વાચકો પોતાની મેળે જાતે માહિતી શોધવા, મેળવવા તેમજ ઉપયોગ કરવા સમર્થ બને છે. ઓડિયો–વિડીયો દ્વારા અને તેમાં પણ એનીમેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરી આ સેવા અસરકારક રીતે પૂરી પાડી શકાય છે.

### ૫.૫. ઓન લાઈન ડેટાબેઝ

મોટાભાગના સંદર્ભસ્ત્રોતો હવે ઓનલાઈન સરળતાથી ઉપલબ્ધ છે. જેમ કે એનસાયકલોપિડીઆ ઑફ બ્રિટાનિકા, ગ્રંથાલયો આવા મહત્વપૂર્ણ સ્ત્રોતોની લીન્ક આપી તેના દ્વારા સરળતાથી માહિતી પ્રાપ્તિની સવલત ઊભી કરી શકે છે. ગ્રંથાલયમાં મહત્ત્વપૂર્ણ ડેટાબેઝ પોતાના ઉપભોક્તાઓને ઓનલાઈન પૂરા પાડી ઉત્તમ માહિતીસેવા પણ પૂરી પાડી શકે છે.

### ૫.૬. ઈ–વાચન સાહિત્યસેવા

આ સેવા અંતર્ગત ગ્રંથાલયમાં રહેલ ઈ–પુસ્તકો તેમજ ઈ–જનર્લો ઉપભોક્તાઓને ઉપલબ્ધ કરી શકે છે. ઈ–જર્નલોમાં કેટલાક જર્નલો વિનામૂલ્યે ઉપલબ્ધ હોય છે. જયારે મોટાભાગના મૂલ્યવાન જર્નલોને લવાજમ દ્વારા ગ્રંથાલયમાં મંગાવવામાં આવે છે. આવા જર્નલોના ઓનલાઈન ઉપયોગ માટે ગ્રંથાલયો ઉપયોગકર્તા પાસેથી કિંમત વસુલ કરે છે. જેમાં ઘણીવાર ગ્રંથાલય ફી માં જ આ કિંમતનો સમાવેશ થતો હોય છે. ગ્રંથાલય દ્વારા ઉપભોક્તાને યુઝર્સ નેઈમ તથા પાસવર્ડ આપવામાં આવે છે જે દ્વારા ઉપયોગકર્તા ઓનલાઈન આ સામગ્રીનો ઉપયોગ સરળતાથી કરી શકે છે. ગ્રંથાલયમાં ઉપલબ્ધ ડિજિટલ સાહિત્યનો પણ આ સેવા દ્વારા ઉપભોક્તા માટે ઉપયોગી બનાવી શકાય છે. આ ઉપરાંત ઓડિયો–વિડીયો, લેખો, નોંધો, પ્રશ્નો અને તેના ઉકેલો ઉપરાંત અગાઉની પરીક્ષાના પેપરો, સંપૂર્ણ અભ્યાસ–સામગ્રી, અભ્યાસક્રમ ઓનલાઈન પણ ઉપલબ્ધ હોય છે.

### ૫.૭ સતર્ક સેવા (Alerting service)

નવીન સમાચારો, અભ્યાસક્રમ સંબંધિત માહિતી વગેરે જેવી મહત્ત્વપૂર્ણ માહિતી ઉપભોક્તાઓ ઈમેલ અથવા ટેલિફોન/મોબાઈલ પબ મેસેજ દ્વારા પૂરી પાડી શકાય છે.

### ૬ ઉપસંહાર

દૂરવર્તી શિક્ષણની ચોથી પેઢીના વિકસેલ તબક્કામાં વેબ આધારિત આધુનિક શિક્ષણ આપવાની પ્રણાલિકામાં ઈલેક્ટ્રોનિક વાચન સાહિત્ય તેમજ નેટવર્ક સુવિધાથી સુસજજ ગ્રંથાલયોનો ફાળો અનન્ય છે. વેબ પર ગુગલ જેવા સર્ચ એન્જિન દ્વારા અઢળક માહિતી સેકન્ડોમાં મેળવી શકાય છે. પરંતુ તે બધી જ માહિતી પ્રમાણભૂત હોતી નથી. આ સમયે ચોક્કસ, સચોટ અને સંપૂર્ણ માહિતી મેળવવા ગ્રંથાલયનો જ સહારો જરૂરી બને છે. આમ, આજના ઈલેક્ટ્રોનિક યુગમાં દૂરવર્તી શિક્ષણના આધારસ્તંભ સમાન આધુનિક સેવાઓ–સામગ્રીઓથી સુસજજ ગ્રંથાલયો વેબ માહિતી ભંડારો છે.

### સંદર્ભ

1. Bates, Tony (2008). "What is distance education? available on www.tonybates.com
2. Indian Library Association, Sectional committee on Distance Education (2001). Guidance for library services to distance learners. approved by the council of Indian Library Association on 28th July available on http://cemca.org.in/ckfindr/userfiles/sectonal Committee_DistEd_ILA_NewDelhi_0239.pdf
3. Kothari commission Report (1989), In: Gupta, B. 2nd ed. Library services : Important documents, Jaipur: pointer publications, P.66.
4. Meimi, J.A., Ehrhard, B.J. and Neeley, L. (1998)."Off- campus library support for distance adult learners. Library Trends,47 (1),PP 65-74.
5. Pandya, Vaidehi C. (2013). "Marketing of library and information products and services in electronic era" Books of papers 3rd national seminar and 29th library. Conference of Gujarat Granthalaya Seva Sangh (28-30 January), Bhuj, P 146.